શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૩૫ • સળંગ અંક : ૮૬ • તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ થી ૭ ફેબ્રુઆરી ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



# સાંયરા ગામવાસીઓનું સ્નેહમિલન સફળતાપૂર્વક સંપન્ન



ખબર તો પડે મોતીઓ છે કે નહીં,
તું સમંદરમાં ડૂબકી લગાવી તો જો.
પયંગબરની ટીકા તું કરજે પછી
પ્રથમ એવું જીવન વિતાવી તો જો
છે મીઠા કે ખારા સમજતો પડે,
'જલન' ઝાંઝવાઓને ચાખી તો જો

- જલન માતરી



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**


Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સંતાનોના જીવનનો વર્તુળ 'મા'

'મા'ના અનેક નામો છે. જેમ કે માતા, ધરિત્રી, જનની, ગૌરી, વિજ્યા, જયા સમાધાત્રી દુ:ખહત્રી, દેવી વિગેરે, કચ્છીમાં એને અગાઉ બાઈ, માડી, માવલડી કહેતા. આજે 'મોમ' 'મમ્મી' સંબોધી સંતાનો બોલાવે છે.

'મા' માત્ર સંતાનને નવ મહિના કષ્ટ સહન કરી. પોતાના ઉદરમાં ભાર વહન કરી. દોજખ જેવી યાતના સહન કરી પોતાની જાનમાંથી જીવનું સર્જન કરી જન્મ આપે છે. એટલું જ નહીં દોઢ-બે વેંતના જીવને ઉછેરી, શીખવી, શિક્ષા, સજા કરી ઘડતર કરે છે અને ખરો વ્યક્તિ વ્યવહારૂ જણ બનાવે છે. જન્મ પહેલાથી તેની સાથે જે સંબંધ બંધાય છે. તે જીવ જાય ત્યાં સુધી તે સંતાનની ફરતે કાળજી, ઉચાટ રાખી આસપાસ જ રહે છે. સમાજશાસ્ત્ર કહે છે કે વિશ્વની દરેક ભાષામાં 'મા' શબ્દમાં પહેલો અક્ષર 'મ' જ આવે છે. મ બોલતા હોઠા બિડાય છે અને મા બોલતી વખતે હોઠ છૂટા પડે છે. ગર્ભના અંધકારથી વિશ્વનો અજવાળો જે આપણને બતાવે છે અને જેનો વિચાર કરતાં, આદર કરતાં હોઠ ખૂલે છે પણ આંખો સંતોષ અને સુખની ભાવના બીડાઈ જાય એ વ્યક્તિ એટલે 'માં'.

નાના, અબૂધ સંતાન માટે માં ઈશ્વરની જેમ અંતર્યામી જેવી છે. હજુ બોલી ન શકતા બાળકના હાવભાવ, તેનું રૂદન અને તેના નાનકડા હાથ-પગની છટપટાકથી તેને શું જોઈએ છે. એ તેની આગવી કોઠાસૂઝથી જાણીને બાળકને પૂરા પાડી શાંત પાડે છે. તેની આસપાસ માતાનું હોવું તે જાણી જાય છે. 'મા' શબ્દમાં જ અપાર મમતા ભરપૂર નિ:સ્વાર્થ લાગણી અને સંતાન પ્રત્યેની અપૂર્વ કાળજી, ફિકર અને મોહનો વિચાર ઉદ્દભવે.

માતાનું કામ એક કુંભાર જેવું કે કુશળ કલાકાર જેવું છે. જે પોતાના સર્જનને બે હાથથી સર્જી તેને આચાર, વિચાર, સંસ્કાર અને વ્યવહારના સમજણથી સજાવે અને વિશ્વ સમક્ષ છૂટો મૂકે છે. સંતાન મોટો થઈ જાય તેના ઘરે સંતાન આવે ત્યાં સુધી મા નો રોલ ક્યારે પૂરો થતો નથી. કામધંધે વહેલી સવારે જતો પુત્ર મોડી રાતે સુખરૂપ ઘરે આવે એ રાહ જુએ તે મા છે જ્યારે પત્ની પતિ શું લાવે છે એ જુએ છે. આ ફરક છે સંબંધનો.

માતા સંતાન માટે ગુરૂ પણ છે, શિક્ષક પણ છે. તેને શિક્ષણ આપવાની સાથે સજા આપવાનો હક છે. તે છતાંય તે સંતાનને અછોવાના કરીને છાવરે છે. માત્ર જન્મ આપી ઉછેરી મોટો કરી ભણાવી ગણાવીને પરણાવી દેવાથી માતા નિવૃત્ત નથી થતી. તે સદૈવ સંતાનની ફિકરથી અંદરથી વલખતી હોય છે. શિક્ષણ પામેલ સંતાન લાટ સાહેબની ગુમાનમાં જીવતો સંતાન પ્રૌઢ મા, ઓછી ભણેલી માતા હવે જૂનવાણી લાગે. રૂઢિચૂસ્ત લાગે, કારણ વગ કચકચ કરતી, બિનજરૂરી ચિંતા કરતી, પોતાના જીવનમાં દખલ કરતી, ચંચુપાત કરતી લાગે કે ઘરમાં નોકર, ચાકર, રસોયા હોવા છતાં રસોડામાં કારણ વગર ઘૂસી પોતાનું ધાર્યું કરે છે. એવું માનતા સંતાનો જો પોતાના બચપણની સ્મૃતિની ચિત્રપટી સ્મૃત કરી જુએ તો મા ની ભાવના, તેનો નિ:સ્વાર્થ ભાવ, તેની પોતા પ્રત્યેની કરેલ કાળજી, ડગુમગુ ચાલને જેણે ગતિને પ્રગતિ આપી છે એ મા ને પાછળ મૂકીને પોતે કેટલો આગળ વધી ગયો છે એનો યથાર્થ ખ્યાલ આવી જશે. સંતાનોની ઈર્દગિર્દ માતા જ છે. જે એને જીવનભર વર્તુળમાં રાખી સંભાળ રાખે છે.

- જય જ્ઞાતિમૈયા

# સાંયરા ગામવાસીઓનું સ્નેહમિલન સફળતાપૂર્વક સંપન્ન





દિ.૨૬-૦૧-૨૦૨૦ને રવિવારના સપરમા પ્રજાસત્તાક દિવસે સાંયરા વિકાસ મંડળનો ૨૩મો વાર્ષિક સ્નેહમિલન રંગેચંગે આમંત્રીતો અને સાંયરાવાસીઓની હાજરીમાં ઉજવવામાં આવેલ.

પ્રમુકશ્રી ભદ્રેશ પટેલે તથા સાંયરા મહાજન અને ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી મધુકરભાઈ શાહ, શ્રી શાંતિલાલભાઈ લોડાયા, શ્રી નવીનભાઈ મોમાયા, શ્રી તરૂણભાઈ લોડાયા અને ભરત દનાણીએ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શુભ શરૂઆત કરેલ. ત્યારબાદ નવકાર મંત્રનું પઠન અને રાષ્ટ્રગીતનું પઠન સર્વ હાજર રહેલ સાંયરાવાસીઓ તથા આમંત્રીતોની હાજરીમાં કરવામાં આવેલ.



સાંયરા રત્નનો આ વર્ષનો અનેરો ખિતાબ શ્રી પ્રદીપભાઈ રતિલાલ લોડાયા (કોઈમ્બતુર)ને અર્પણ કરવામાં આવેલ. જેમાં હૉલ ખાતે પધારતા તેમને યુથ ફોરમના કાર્યકરો દ્વારા ખભે બેસાડી મંચ પર બિરાજમાન કરવામાં આવેલ. હાજર રહેલ સર્વ અગ્રણીઓ દ્વારા હાર, પાઘડી, શાલ ઓઢાડીને શ્રી પ્રદીપભાઈ અને એમના ધર્મપત્નીનું ભાવભર્યુ બહુમાન કરવામાં આવેલ. શ્રી પ્રદીપભાઈએ પણ તેમણે કરેલા ધાર્મિક અને સામાજિક કાર્યો કોઈમ્બતુર ખાતે તેમજ સાંયરા ગામ માટે પણ પોતાનાથી બનતું થઈ શકે એવો તન મન અને ધનનો યોગદાન આપવાની તૈયારી દાખવી. તેઓ અત્યારે સાંયરા દેરાસર, મહાજનના ટ્રસ્ટીપદે પણ બિરાજમાન છે.

ત્યારબાદ જળસંચય યોજના, કચ્છમાં થતી વરસાદનું પાણી સંગ્રહ કરી તેનો બચાવ કરી ભવિષ્યમાં ઉનાળામાં ઉપયોગમાં લઈ શકાય એની માટે ભરત દનાણીના વડપણ હેઠળ સાંયરા, કોઠારા, નલીયા, અબડાસાના ગામોના પ્રતિનિધિઓ હાજર રહેલ. જેમાં જળ સંચય યોજના વિશે સંબોધતા શ્રી કિશોરભાઈ ચંદન અને પ્રતાપભાઈ ઠક્કરે આપણે શું કરી શકી એ અને સાથે મળીને શું કરશું એની રૂપરેખા આપેલ. નલીયા ગામવતી શ્રી જયંતભાઈ છેડા તેમજ લહેરીભાઈ ભાનુશાલી પણ પધારેલ.

# સાંયરા ગામવાસીઓનું સ્નેહમિલન સફળતાપૂર્વક સંપન્ન



નવનિર્વાચિત મુંબઈ મહાજનના સભ્યો શ્રી નયન ભેદા અને એમની યુવા શક્તિની ટીમ, ચેતન મોતા, મનોજ લોડાયા, ચાંદનીબેન લાલકા વગેરેએ હાજરી આપેલ. મુખ્ય આમંત્રીતોમાં શ્રી જયેશ જૈન, શ્રી પ્રવીણભાઈ લોડાયા તેમજ શ્રી શામજી નરશી દંડ, શ્રી ચીમનભાઈ મોતાએ પણ હાજરી આપી સ્નેહમિલનની શોભામાં વધારો કરેલ. બહારગામથી રાયપૂરથી શ્રી



હરીશભાઈ, ભોપાલથી ખુશાલભાઈ, જલગામથી સંજયભાઈ તેમજ મુંબઈ બહારથી મોટી સંખ્યામાં સાંયરાવાસીઓએ હાજરી આપેલ. ઉજ્જૈન, નાંદેડ, ભુજ તેમજ અન્ય ઠેકાણેથી સાંયરાવાસીઓએ ઉમળકાભેર આ સ્નેહમિલનમાં ભાગ લીધેલ.

વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓ જેમણે સ્નાતક અને અનુસ્નાતક પદવીઓ મેળવી તેમનું બહુમાન કરવામાં આવેલ. પ્રમુખ ભદ્રેશભાઈ દ્વારા વર્ષ દરમ્યાન થયેલ કાર્યો તેમજ આગામી ધ્વજારોહણ ત્ર્યાન્હિકા મહોત્સવ એ દરમ્યાન સાંયરા વિકાસ મંડળ દ્વારા સાંયરા સ્વચ્છતા અભિયાન, સુશોભિકરણ અભિયાન તથા તળાવની સાફસફાઈ અને ઉંડુ કરવામાં આવેલ તથા અન્ય તળાવોની પણ સાફસફાઈ અને ઊંડાઈ કરવામાં આવશે. એ સિવાય હરીયાળું સાંયરા બનાવવા વૃક્ષારોપણ પછી એના ડ્રીપ



# સાંયરા ગામવાસીઓનું સ્નેહમિલન સફળતાપૂર્વક સંપન્ન




ઈરીગેશનથી માવજત, જેને પોતાના સાંયરામાં ઘર ખાતે વૃક્ષારોપણ કરવું હોય એને મફતમાં છોડ, ગામમાં દરેક જગ્યાએ લાઈટ, સાંયરાની શાળાની બહાર મેદાનમાં પૂર્ણ ઈન્ડોર અને આઉટડોર સ્પોર્ટસ કોમ્પલેક્સ વગેરેની સુવિધાઓ તૈયાર કરવા વિશે પોતાની યોજનાઓ, વિચારો અને એના અમલીકરણ વિશે જણાવેલ.



સાંયરામાં ૧૪૨મી ધ્વજા મહોત્સવના ચડાવાઓ શ્રી ઉત્તમભાઈ દ્વારા પોતાની આગવી શૈલીમાં બોલી બોલાવવા હાજર સાંયરાવાસીઓને વિનંતી કરતા સાંયરાવાસીઓએ જોરદાર પ્રતિસાદ આપી ચડાવા લીધેલ.

એ પછી સાંયરા યુથ ફોરમ દ્વારા તેમના સભ્યો દ્વારા તૈયાર કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત થઈ અને ધમાકેદાર કાર્યક્રમમાં સાંયરાની દિકરીઓ તથા દિકરાઓએ ઉમંગ ઉત્સાહ અને અનેરા ધગશથી ભાગ લઈ, સંપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવી પર્ફોમન્સ આપેલ. ભાગ લેનારાઓને અનેક દાતાઓએ પોતાના તરફથી નવાજેલ તથા પ્રમુખશ્રી ભદ્રેશ પટેલે પોતાના



# સાંયરા ગામવાસીઓનું સ્નેહમિલન સફળતાપૂર્વક સંપન્ન



તરફથી સાંયરા યુથ ફોરમને રૂા.૨૫,૦૦૦નું માતબર યોગદાન આપેલ.

સાંયરા વિકાસ મંડળના વાર્ષિક સ્નેહમિલન સમારોહમાં મુખ્ય દાતા તરીકે તેમજ સહયોગી દાતાઓ તરીકે સાંયરાવાસીઓએ પોતાનું યશાશક્તિ યોગદાન આપેલ. કાર્યક્રમમાં ભાવતા ભોજનના દાતા ઢીંગલી મહેર, પૌલમી, સંદીપ જોતવાણી તેમજ માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવાર સાંસ્કૃતિક કાર્યક્રમના દાતા માતુશ્રી મણીબાઈ ખેતશી લધાભાઈ મોમાયા તથા ઈતર સર્વ બહુમાન તેમજ લક્કી ડ્રોના દાતાશ્રી ચેતના બિપીન મોમાયા પરિવારે અનેરું યોગદાન આપેલ. સાંયરા વિકાસ મંડળ સર્વ દાતાઓનું તથા આ ત્રણ દાતાઓનું ઋણી છે. એમના અમૂલ્ય યોગદાન વગર કોઈપણ કાર્યક્રમ સફળ અને સંપૂર્ણ સારી રીતે શક્ય નથી. ભવિષ્યમાં આપ સૌ તથા નવીન દાતાઓ આવોજ સાથ સહકાર આપશે એવી અપેક્ષા સાથે.

આ સમારંભમાં ભાવતા ભોજનનો રસથાળ આપણા પોતાના અવસર કેટરર્સના શ્રી ગિરીશભાઈનું પણ સાંયરા વિકાસ મંડળ આભારી છે. બહોળી સંખ્યામાં ભાગ લેનાર સાંયરાવાસીઓ, આમંત્રિત મહેમાનોનું પણ સાંયરા વિકાસ મંડળ ખુબજ આભારી છે અને અમારાથી આ સ્નેહમિલનમાં કોઈ કચાશ રહી ગઈ હોય તો અમને ક્ષમા કરશો અને સર્વેને મિચ્છામિ દુક્કડમ.

સાંયરા સહિયર, સાંયરા યુથ ફોરમ તથા જેમણે પણ આ સ્નેહમિલન સફળ બનાવવા માટે મહેનત કરનાર દરેકનો સાંયરા વિકાસ મંડળ અંતકરણથી આભાર વ્યક્ત કરે છે. આ સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રાજુલ પટેલ તથા ઉત્તમ મોમાયાએ કરેલ છે.





# બોંતેર જિનાલય મહાતીર્થે મુમુક્ષુ વિરંકાબેનની દીક્ષા પ્રસંગે ત્રિદિવસીય મહોત્સવ



બાળપણથી વડીલાના ધર્મમય સુસંસ્કારોને આત્મસાત કરનાર અને ઉતમ માનવ દેહ તથા જૈન કુળને સંયમ માર્ગથી પુલકિત બનાવવાની ઉમદા ભાવનાને સાકાર કરવા તત્પર બની. પ્રવજ્યાના પંથે પદાર્પણ કરનાર મુમુક્ષુ વિરંકાબેન રવિવાર તા.૧૬ ફેબ્રુઆરી ૨૦૨૦ના બોંતેર જિનાલય મહાતીર્થે અચલગચ્છાધિપતિ તપ સમ્રાટ, જિન શાસન શિરોમણિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના વરદ હસ્તે અને વર્ધમાન તપોનિધિ ભુજપુર રત્ન પ.પૂ.સા.શ્રી વિશ્વોદયશ્રીજી મ.સા.ના ચરણે પોતાનું જીવન સમર્પિત કરશે.

ત્રિદિવસીય મહોત્સવના મંગલ કાર્યક્રમમાં તા.૧૪ ફેબ્રુઆરી શુક્રવારે સવારે ૭ કલાકે મુમુક્ષુનો વસ્ત્ર રંગોત્સવ, સવારે ૯ કલાકે શ્રી ૪૫ આગમ મહાપૂજન, તા.૧૫ ફેબ્રુઆરી શનિવારના સવારે ૯ કલાકે, શ્રી ૪૫ આગમ પૂજન, બપોરે ૩ વાગે ૪૫ આગમનો વરઘોડો, રથ પોથીયાત્રા પછી બેઠું વર્ષીદાન અને તૃતીય દિવસ તા.૧૬ ફેબ્રુઆરી ૨૦૨૦ રવિવાર વહેલી સવારે દીક્ષા વિધિ પ્રારંભ.

આ અવસરમાં સકળ જૈન સંઘને પધરાવાનું સપ્રેમ નિમંત્રણ શ્રી ભુજપુર અચલગચ્છ જૈન સંઘના સર્વે ટ્રસ્ટીશ્રીઓ દ્વારા છે. સંપર્ક સૂત્ર રમણ શેઠિયા-૯૮૧૯૭૨૩૬૬૩ તથા ૯૩૭૨૯૭૧૩૯૭

# શ્રી મુનિસુવ્રત સ્વામિ નવગ્રહ જૈન મંદિરનો ૧૨મો ધ્વજારોહણ મહોત્સવ

હૈદ્રાબાદ સિટી પાસે ચેવલ્લાના શ્રી મુનિસુવ્રત સ્વામિ નવગ્રહ જૈન મંદિરનો ૧૨ ધ્વજારોહણ મહોત્સવ તા.૬ ફેબ્રુઆરી ૨૦૨૦ ગુરૂવાર સવારે ૧૦.૩૦ કલાકેથી જેમાં વિવિધ ધર્મ આરાધનાઓ કરાશે. ત્યારબાદ સ્વામિવાત્સલ્યની વ્યવસ્થા રખાઈ છે. વાર્ષિક ચડાવા આ અવસરે થશે.

આ મહોત્સવ પ્રસંગનો લાભ સૌ સહપરિવાર લે એ આમંત્રણ તીર્થ સ્વરૂપ પુણ્યધામ જૈન ટ્રસ્ટ દ્વારા અપાયું છે.

# ભુજપુર નગરે દિક્ષાર્થી વિરંકાબેનનો વર્ષીદાનનો વરઘોડો

કચ્છના ભુજપુર નગરે શ્રી ચિંતામણિ દાદાના દરબારે તા.૯ ફેબ્રુઆરી ૨૦૨૦ રવિવારના બપોરે ૨ કલાકે દીક્ષાર્થી કુ. વિરંકાબેનનો વરઘોડો (પ્રભુજીના રથ સાથે) દેરાસરજી પાસેથી વાજતે ગાજતે નીકળશે. બપોરે ૩ કલાકે સમૂહ સાજી, બેઠું વર્ષીદાન અને દીક્ષાર્થી બેનનું બહુમાન સાંજે ૫ કલાકે સાધર્મિક ભક્તિ-ચોવિહાર.

આ પ્રસંગે શ્રી સંઘના આગ્રહ ભરી વિનંતી સ્વીકારી અચલગચ્છાધિપતિના આજ્ઞાનુવર્તીની પ.પૂ.સા.શ્રી અક્ષયગુણાશ્રીજી મ.સા.આ.ઠા. તથા આઠ કોટી મોટી પક્ષના પ.પૂ.શ્રી તારાબાઈ મહાસતીજી આદિઠાણા-૨ તથા યતિવર્યશ્રી પ.પૂ. મોતીસાગર મ.સા. પધારશે. ભક્તિગીતો રજૂ કરશે નિશા સંઘવી અને સાથી કલાકારો.

# બેંગલોર દેરાસરમાં અદ્‌ભૂત ધર્મ આરાધના

હાલમાં હું તા.૧૯ જાન્યુઆરી ૨૦૨૦ રવિવાર બેંગલોર ગયો હતો. આ દરમ્યાન ચિકપેટ દેરાસરમાં ગયો જ્યાં પક્ષાલ અભિષેક થતાં હતા. આ જોઈ મને ગિરનાર તીર્થે સંગીત સાથે થતા પક્ષાલ અભિષેકની સ્મૃતિ થઈ. આ જ પ્રકારે બેંગલોરના દેરાસરમાં સવારે ૭.૩૦ વાગે પૂર્ણ સંગીત સાથે આદિનાથ દાદાના પક્ષાલ/અભિષેકના દર્શન થયા જેનાથી મન-આત્મા પ્રફુલ્લિત થઈ ગયા.

ચિકપેટ દેરાસર દ્વારા આ અદ્‌ભૂત ધર્મ-આરાધનાથી મન પ્રસન્ન થઈ જાય એવું છે. અલૌકિક સંગીત નિરવ વાતાવરણને જીવંત કરી દે એવું સર્જે છે. જે માટે સંઘના સૌ મેમ્બરો, કાર્યકરો અને પૂજારી સર્વે અનુમોદનાને પાત્ર છે. બેંગલોરની મુલાકાતે જતાં જૈન ભાવિકો દર રવિવારે સવારે ૭.૩૦ કલાકે આ પુનિત ધર્મ આરાધનાનો અદ્‌ભૂત લહાવો જરૂર લેવો જોઈએ. એવો મારો સૌને આગ્રહ છે. ફોટો-વિડીયો પ્રતિબંધ હોવાથી એ હું લઈ શક્યો નથી.

– સતીશ નાગડા (તિરૂપુર)

# કેડીઓ સી.એ.એસોસિએશન દ્વારા બજેટ ૨૦૨૦ સેમિનાર

શ્રી કચ્છી દશા ઓસવાલ સી.એ. એસોસિએશન દ્વારા બજેટ ૨૦૨૦ ઉપર સેમિનાર તા. ૮ ફેબ્રુઆરી શનિવાર બપોરે ૩.૩૦ કલાકે સોમૈયા મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યૂટમાં આયોજિત કરાયો છે. જેમાં આ વર્ષના બજેટની શેરબજાર પર અસર વિષે ચર્ચા સંવાદ થશે. કેડીઓ માટે સેમિનાર બાદ ડીનર રાખેલ છે.

# સમસ્ત મહાજનની યુવા સમિતિ દ્વારા 'હેપીનેસ' શિર્ષક અંતર્ગત ફોટો ટેલ સ્પર્ધા

શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની યુવા સમિતિ દ્વારા હેપીનેસ શિર્ષક અંતર્ગત ફોટો ટેલ હર તસ્વીર કુછ કહેતી હૈ સ્પર્ધા યોજી છે. જેમાં ખુશી-હર્ષની ભાવના દર્શાવતા પિક્ચર ફોટો ક્લિક કરી આ ફોટામાં કઈ રીતે, ક્યાં હર્ષ-ખુશીની લાગણી છે એનો મધ્યવર્તી વિચાર કહેવાનો છે. પિક્ચર ફોટો મોકલવાની છેલ્લી તા.૨૫ ફેબ્રુઆરી ૨૦૨૦ છે. વિજેતાને આકર્ષક ઈનામ આપશે.




રજીસ્ટ્રેશન http://bit.ly/phototale ઉપર કરવું.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી આર્યગુણ જૈનોલોજી કોર્સ ભાગ ૧ થી ૫ પરીક્ષા રીઝલ્ટ બહુમાન સમારોહ યોજાયો

તા.૨૩ જાન્યુઆરી ગુરૂવાર રોજ શ્રી માટુંગા ક.મૂ.જૈન શ્વેતાંબર સંઘની નારાણજી શામજી મહાજનવાડી, માટુંગા (સે.રે.) મધ્યે શ્રી આર્ય રક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ સંચાલિત શ્રી આર્યગુણ જૈનોલોજી કોર્સ ભાગ ૧ થી ૫ની પરીક્ષા રીઝલ્ટ સાથે બહુમાન સમારોહ યોજાયો.

તત્વસભર શ્રી આર્યગુણ જૈનોલોજી કોર્સના ૧૬ અધ્યાપકો, ૧૩ અધ્યાપિકાઓ અને અર્ધ માગધીની ૨ અધ્યાપિકાઓ રહી હતી. વિવિધ સેન્ટરો કવીઝ કોન્ટેસ્ટમાં ભાગ લીધો હતો. શુભાશિષ નિશ્રા પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. એવં પ્રવચન પ્રભાવક મુનિ શ્રી કલ્પતરૂસાગરજી મ.સા.ની રહી હતી.

મુખ્ય સહાયક લાભાર્થી શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘ સાંતાક્રુઝ (વેસ્ટ) સાથે પંદર સહાયક તથા સહ સહાયક લાભાર્થી રહ્યાં હતાં.









# પ.પૂ.આ.મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.નો ચાલીસગામ નગરે ભવ્ય પ્રવેશ



તા.૨૬ જાન્યુઆરી રવિવાર રોજે આગમ દિવાકર આ મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.નો ખાનદેશ પ્રાંતના ચાલીસગામ નગરમાં શ્રી ક.દ.ઓ.જૈન શ્વેતાંબરમ્ પૂ.અચલગચ્છ સંઘમાં સી.એ.કુ.મોનિકાબેન મહેન્દ્રભાઈ લોડાયા (તેરા-રાયપુર)ના દીક્ષા નિમિત્તે ૨૫ જણના બેન્ડ તથા અનેક ગહુલીઓ, બેડા વિગેરે દ્વારા ભવ્ય સ્વાગત સાથે પ્રવેશ થયો હતો.

તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞાવર્તી પૂ.સા.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩, પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪, પૂ.સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ઠાણા-૨, પૂ.સા.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨ તથા ધુલિયાથી ગોવિંદજીભાઈ તથા ચાલીસગામના ટ્રસ્ટીઓ ઈન્દ્રેશભાઈ વિગેરે અગ્રણીઓ તથા મુમુક્ષુ કુ.મોનિકાબેન તેમના માતા સહપરિવારજનો આદિ સારી સંખ્યામાં ભાવિક શ્રાવક, શ્રાવિકાએ શાહ ઝવેરચંદભાઈ વેલજી મોમાયા સાંયરાવાળાના નિવાસ સ્થાને એકત્રિત થયા હતા.









શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૧૦૮મી જન્મતિથિ હોતાં વ્યાખ્યાનમાં પૂજ્યશ્રી ઉપરાંત સુ.શ્રાવક મનીષભાઈ, ગોવિંદભાઈ, શિલ્પાબેન, દિપાલીબેન, હેમલબેન વિગેરે તેઓશ્રીના ગુણાનુવાદ કર્યા હતા તથા પૂ.આ.ભગવંતે નવકાર આદિમંત્રોનો સમૂહ ભાષ્ય જાપ કરાવ્યો હતો. પ.પૂ.શાસન સમ્રાટશ્રીના પ્રથમ ગુરૂપૂજનનો લાભ ૪૫૦ એકાસણાના આદેશ સાથે માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા-કોઠારાવાલા પરિવાર લીધેલ. સમૂહ ભાષ્ય જાપ બાદ સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય યોજાયેલ.

# તેરા તીર્થે જીરાવલ્લા પાર્શ્વનાથ તથા શામળીયા પાર્શ્વનાથની વર્ષગાંઠ ઉજવણી થઈ





અબડાસા પંચતીર્થીના તેરા નગરે જીરાવલ્લા પાર્શ્વનાથની ૧૬૨મી તથા શામળીયા પાર્શ્વનાથની ૧૯૯મી વર્ષગાંઠની ભવ્ય ઉજવણી પ.પૂ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી તથા તેરા રત્ન પ.પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર સુરેશભાઈ સોનીના સથવારે રંગ આનંદથી કરવામાં આવેલ. સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ આ પ્રસંગે ધાર્મિક આરાધનાઓમાં હોંશભેર જોડાયા હતા.







# હૈદ્રાબાદ નગરે શ્રી શાંતિનાથ પ્રભુજી જિનાલયની ૨૦મી વર્ષગાંઠ પ્રસંગે દ્વિ દિવસીય ધ્વજારોહણ મહોત્સવ



શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદ (સિટી)ના શ્રી શાંતિનાથ પ્રભુજી જિનાલયની ૨૦મી વર્ષગાંઠના શુભ પ્રસંગે દ્વિદિવસીય ધ્વજારોહણ મહોત્સવ તા.૧૪ અને તા.૧૫ ફેબ્રુઆરી ૨૦૨૦ શુક્રવાર તથા શનિવારના દિને આયોજાયો છે.

પ.પૂ.પ્રવર્તિની મહતરા શ્રી રત્નરેખાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.લક્ષ્યલીનાશ્રીજી મ.સા., પ.પૂ.જય સ્મિતાશ્રીજી મ.સા., પ.પૂ.હસ્તરેખાશ્રીજી મ.સા.ની પાવનકારી શુભ નિશ્રામાં શુક્રવાર તા.૧૪ ફેબ્રુઆરી દિને બપોરે ૧૨.૩૯ કલાકે પરમશુધ્ધિ અઢાર અભિષેક તા.૧૫ ફેબ્રુઆરી ૨૦૨૦ શનિવારના સવારે ૯.૩૦ કલાકે સત્તરભેદ પૂજા સાથે ધ્વજારોહણ વિધિ રહેશે. બપોરના સ્વામિવાત્સલ્ય ધ્વજારોહણના કાયમી લાભાર્થી પરિવારો દ્વારા રહેશે. સતરભેદી પૂજા દરમ્યાન વાર્ષિક ચડાવા લેવામાં આવશે. વિધિ-વિધાન માટે કેવલભાઈ સાવલા સંગીત મંડળી સાથે પધારશે.

ઉપરોક્ત પ્રસંગે ઉપસ્થિત રહી શાસનની શોભામાં અભિવૃધ્ધિ કરવા માટેનું ભાવપુર્વક આમંત્રણ શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદ (સિટી)ના ટ્રસ્ટીઓ દ્વારા છે. અઢાર અભિષેકમાં લાભ લેવા સંઘની પેઢી, જિનેશ્વરધામ, ૩-૪-૨૧૭ કાચીગુડા સ્ટેશન રોડ, હૈદ્રાબાદ-૫૦૦૦૨૭. ફોન નં.૦૪૦-૨૭૫૫૧૬૦૫-૪૮૫૨૭૨૧૯નો સંપર્ક કરવો. મહોત્સવ દરમ્યાન શ્રી સંઘ તરફથી આયંબિલ કરાવવામાં આવશે.

ધ્વજારોહણના કાયમી લાભાર્થીઓમાં મુખ્ય ધ્વજા શ્રીશાંતિનાથ પ્રભુ -શેઠશ્રી મણિકાંત મેઘજી મોમાયા પરિવાર-વરાડીયા, શ્રી શ્રેયાંસનાથ પ્રભુની ધ્વજા-શેઠશ્રી લીલાધર જીવરાજ નાગડા પરિવાર-વરંડી મોટી, શ્રી નેમિનાથ પ્રભુની ધજા-શેઠશ્રી લક્ષ્મીચંદ મેઘજી નાગડા પવિાર-નરેડી, શ્રી વાસુપૂજ્ય સ્વામિની ધ્વજા-શેઠશ્રી દામજી જીવરાજ નાગડા પરિવાર-વરંડી મોટી, જૂના મૂળ નાયક શ્રી શાંતિનાથ પ્રભુની ધ્વજા-શેઠશ્રી મણિકાંત મેઘજી મોમાયા પરિવાર વરાડીયા છે.

# શ્રી શત્રુંજય મહાતીર્થે ઓળીની આરાધના માટેના ફોર્મ ભરી પહોંચાડવાની તારીખ બદલાઈ

શ્રી શત્રુંજ્ય મહાતીર્થે પ.પૂ.મહોદયાશ્રીજી મ.સા.ની પુનિત નિશ્રામાં ચૈત્ર માસની ઓળી આરાધના તા.૩૦ માર્ચ ૨૦૨૦થી તા.૮ એપ્રિલ ૨૦૨૦ સુધી રખાઈ છે. શાશ્વતી ઓળીની આરાધના માટેના ફોર્મ ભરવાની તા.૨૬ જાન્યુઆરી સુધીની હતી. જે મુદત લંબાવીને તા.૧૫ ફેબ્રુઆરી ૨૦૨૦ શનિવાર કરાઈ છે. એટલે ઈચ્છુક આરાધકો તા.૧૫ ફેબ્રુઆરી સુધી ફોર્મ ભરી નરશીનાથા ધર્મશાળા પાલીતાણાના સરનામે મોકલી આપવાની વિનંતી સંયમ ષષ્ઠી અનુમોદક સમિતિ દ્વારા કરાઈ છે.

વિશેષ માહિતી માટે અવનીબેન-૭૦૨૧૨૦૩૬૦૪, કલ્પનાબેન-૯૯૨૦૮૨૮૯૨૧, રાજવીબેન-૯૯૨૫૬૯૨૯૯૬ તથા રમેશભાઈ લોડાયા-૯૮૯૨૦૦૩૯૪૦ નો સંપર્ક કરવો.

## ભૂલ સુધાર

તા.૨૫-૧-૨૦૨૦ સળંગ અંક ૮૫ના પાના નં.૧૩ ઉપર સી.એ.ફાઈનલ પરીક્ષામાં ઉત્તીણ સૌ. દર્શના ચિંતન મુનવરના સમાચારમાં **માવિત્ર પક્ષે યવતમાલના અમીબેન કેશવજી ધરમશી પરિવાર** છપાયેલ છે. જે હકીકતમાં **માવિત્ર પક્ષે મોટા મમ્મી-પપ્પા અમીબેન અશ્વિન કેશવજી ધરમશી અને મમ્મી-પપ્પા ઉર્મીબેન ઉદય કેશવજી ધરમશી નલિયા, હાલે-યવતમાલ** છે. એ સુધારીને વાંચવું.

# કેડીઓ નવયુગ યુથ ફોરમ અમદાવાદ દ્વારા રોટી બેંકના શુભારંભ સાથે સેવાકાર્યનો પ્રકલ્પ શરૂ કરાયો





તા.૨૬ જાન્યુઆરી રવિવાર દેશના એકોતેરમા પ્રજાસત્તાક પર્વ દિને અમદાવાદ કેડીઓ નવયુગ યુથ ફોરમ દ્વારા સમાજ સેવા કાર્યના પ્રકલ્પ રૂપે રોટી બેંકનો શુભારંભ કરાયો.

આ અવસરે મહાજન પ્રમુખ નલિનભાઈ મોમાયા, મહાજનના ટ્રસ્ટી ચંદુભાઈ લોડાયા ઉપસ્થિત રહી. રોટી બેંકના કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રાંરભ દિવસે એક હજારથી વધુ રોટીનું ક્લેકશન કરી ૨૫૦ વધુ બાળકો અને ભૂખ્યા દીનજન નાગરિકોને અન્નદાન આપેલ. રોટી બેંકના કાર્યકર્તાઓએ દરેક ઘરેથી ફક્ત ચાર-ચાર રોટી ભેગી કરેલ. જે સૌ એ સહર્ષ રોટી દાન કરી યોગ્ય પાત્ર સુધી પોતાનું અન્ન પહોંચશે એનો સંતોષ સૌને હૈયે રહ્યો હતો.

















# રાયપુરમાં કેડીઓ યુવા મંડળ દ્વારા રખડતી ગાયોને જીવદયા કરાઈ



રસ્તે રઝળતી, ઓપન ગ્રાઉન્ડ કચરાના ઢગ પાસે ખાવા માટે વલખા મારતી ગાયો ને ગૌશાળાની ગાયો કરતા વધુ જરૂરિયાત ખોરાકની હોય છે. ગૌશાળાની ગાયો નિયમિત ઘાસચારો, પાણી અને સ્વસ્થતા કાળજી સાથે સલામત આશરા હેઠળ હોય છે. જ્યારે અત્ર, તત્ર સર્વત્ર રખડતી, રઝળતી, ઘાવથી જખમી થયેલ દુર્બળ ગાયો પોતાનું પેટ ભરવા વલખા મારી પ્લાસ્ટિક પણ પેટમાં ચાવી જાય છે.











# રાયપુરમાં કેડીઓ યુવા મંડળ દ્વારા રખડતી ગાયોને જીવદયા કરાઈ

ગુઢિયારી-રાયપુરના કેડીઓ સમાજના સૌ અને યુવા મંડળની ટીમ તા.૫ જાન્યુઆરી ૨૦૨૦ રવિવારથી આવી ગાયોની કાળજી લેવાનું શરૂ કર્યું છે અને ઉત્તમ જીવદયાના કાર્યનું પ્રારંભ કર્યું છે. સાથે સાથે સૌને અપીલ પણ કરે છે કે પ્રત્યેક રવિવારે પોતાના વ્યસ્ત સમયમાંથી માત્ર ૧ કલાક આ કાર્ય માટે ફાળવે જેથી જીવદયાનું ઉત્તમ કાર્ય આ દ્વારા સાર્થક થઈ શકે.







# પ્રજાસત્તાક દિવસની પરેડમાં મયંક ભરત લોડાયાએ નેતૃત્વ કર્યું

કોલક્તા મધે રાજ્ય સરકાર દ્વારા યોજાયેલી પ્રજાસત્તાક દિવસની રાજ્ય સ્તરની ઉજવણી કરાઈ. જેમાં ધ્વજારોહણ બાદ વિવિધ સિક્યુરિટી ફોર્સ દ્વારા પરેડ કરી સલામી અપાઈ હતી. જેમાં સી.આઈ.એસ.એફ. સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરીટી ફોર્સની ટીમનું નેતૃત્વ કમાન્ડર તરીકે મૂળ રાપરગઢવાળી હાલે પૂનાના રીટાબેન તથા ભરતભાઈ લોડાયા (ભાટે)ના પુત્ર મયંક ભરતભાઈ લોડાયાએ ઉત્કૃષ્ટ રીતે કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

આ સમારોહમાં રાજ્યપાલ ઉપરાંત મુખ્યપ્રધાન મમતા બેનર્જી, પ્રધાન મંડળના સૌ, શાસકીય અધિકારીઓ, અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.




**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**




● મુંબઈના દહીંસરમાં રહેતા અમિત છેડા અને અતુલ નિસર દ્વારા જ્ઞાતિ લગતી કોમ્યુટ્રી એપ્લિકેશન શરૂ કરી છે. શરૂઆતમાં વાગડ સમાજથી શરૂ થયેલ એપ્લિકેશનમાં વાગડ સમાજના ચાલીસ હજારથી વધુ સભ્યો જોડી દેવામાં આવ્યા છે. હવે કચ્છીઓથી આગળ વધીને કુલ્લ ચારસો જ્ઞાતિઓ સુધી પહોંચી ચૂકી છે. દસ લાખથી વધુ યુઝરો આ એપ્લિકેશન સાથે જોડાઈ ગયા છે અને દૈનિક એક લાખથી વધુ વપરાશકારો આ એપ્લિકેશન પર સમાચારોની અને માહિતીની આપ લે કરે છે. આજથી પાંચ વર્ષ પહેલા શરૂ થયેલા આ પ્રોજેક્ટ લિમકા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામી ચૂક્યો છે. આ એપ્લિકેશનને રોજેરોજ સાચવવા અત્યારે વીસથી વધુ વ્યક્તિઓ કાર્યરત રહે છે.

● નખત્રાણામાં વિશ્વ વિકલાંગ દિવસે દિવ્યાંગ કેમ્પનું આયોજન કરાયું હતું. કેમ્પમાં તાલુકામાંથી મોટી સંખ્યામાં દિવ્યાંગો તેમજ સહાયકો ઉપસ્થિત રહ્યા હતા. ત્રણસોથી વધુ દિવ્યાંગો એ આ કેમ્પનો લાભ લીધો હતો. નખત્રાણા મામલતદાર કચેરી તેમજ જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના સંયુક્ત ઉપક્રમે આ કેમ્પમાં દિવ્યાંગોને મળતા સરકારી યોજનાઓના લાભ માટે સર્ટિફિકેટ આપવા તેમજ વહીવટી કામગીરી સંપન્ન કરવામાં આવી હતી. ઉપરાંત નિઃશુલ્ક બસ પાસ, યુ.ડી.આઈ.ટી.કાર્ડ માટે, પેન્શન યોજના માટેના સર્ટિફિકેટ ઉપરાંત તેઓનું મેડિકલ ચેકઅપ કરાયું હતું. દિવ્યાંગોને ચા નાસ્તાની વ્યવસ્થા અદાણી ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી. કેમ્પમાં બાર જેટલા ડોક્ટરોએ સેવા આપી હતી. જેમાં મનોચિકિત્સક, ઓર્થોપેડિક કરવામાં આવી હતી. કેમ્પમાં બાર જેટલા ડોક્ટરો એ સેવા આપી હતી. જેમાં માનોચિકિત્સવ, ઓર્થોપેડિક, આંખ, કાન, નાક, ગળાના ડોક્ટરોનો સમાવેશ થયો હતો.

● ગુજરાત રાજ્ય રમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર આયોજિત ગુજરાત રાજ્ય સ્તરની બાળનાટ્ય સ્પર્ધા અંજાર ખાતે યોજવામાં આવી. જેમાં ભદ્રેશ્વર સ્થિત યુસુદ મહેર અલી સેન્ટરનું બાળ નાટક 'જાતિ અલગ નહીં હમારી' નાટક રાજ્યકક્ષાએ પ્રથમ આવ્યું. દેવેન્દ્ર કાંદોલર લિખિત અને દિગ્દર્શિત આ નાટકમાં ભાગ લેનારા બધા બાળકો માછીમાર પરિવારના છે. વર્ષ ૨૦૦૬ થી બાળનાટ્ય સ્પર્ધામાં સાગર શાળાના વિદ્યાર્થીઓ ભાગ લે છે. અત્યાર સુધી ચાર વખત દ્વિતીય અને છ વખત રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

● ભચાઉ તાલુકાની ગળપાદર જિલ્લા જેલ ખાતે બંદીવાનો માટે સ્વરોજગાર તાલીમ કેન્દ્રનું આયોજન કરાયું હતું. જરૂરિયાતમંદ બંદીવાનો જ્યારે સજા પૂરી કરી બહાર જશે ત્યારે ઘર બેઠા સ્વરોજગાર મેળવી શકે એ માટે જેલમાં સિલાઈ, મડવર્ક, બ્યુટી પાર્લર અગરબત્તી બનાવવી, કાગળના કવર ફાઈલ બનાવવી વિગેરે ધંધાના તાલીમ વર્ગ શરૂ કરાશે. સ્વરોજગાર તાલીમનું આયોજન જેલ અને સુધારાત્મક વહીવટના વડા ડૉ.કે.એન.એન. રાયની સૂચનાથી દેના ગ્રામીણ સ્વરોજગાર સંસ્થાન ભુજ દ્વારા આ કાર્યક્રમ યોજાયો હતો.

● છોટા ઉદેપુર ખાતે રાજયકક્ષાની શાળાકીય કુસ્તી અન્ડર ૧૯ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં પાટીદાર કન્યા વિદ્યાલયની છાત્રાઓએ સુંદર દેખાવ સાથે વિવિધ કિલો વજનની કેટેગરીમાં ૩ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.

● લખપતના ઐતિહાસિક ગુરૂદાસ ખાતે ગુરૂનાનક દેવના ૫૫૦ મો પ્રકાશ પર્વ મહા રક્તદાન કેમ્પથી ઉજવાયો. જેમાં વિવિધ સમાજના ૫૫૦ વ્યક્તિઓ રક્તદાન કરેલ. રક્તદાતાઓને પ્રમાણ પત્ર અપાયા. બીજા દિવસે કીર્તન-અરદાસનો કાર્યક્રમ યોજાયો.

# જીવન ઘટમાળ

| | | | | |
|---|---|---|---|---|
| | | **જ્ઞાતિ સગપણ** | | |
| ૨૬.૦૧.૨૦૨૦ | યવતમાલ | હર્ષલ નીલેશ દિનેશ લોડાયા | નલિયા | ૨૬ |
| | કોચીન | હેમલ સંજય પ્રેમચંદ ગોસર | બારોઇ | ૨૫ |
| ૨૯.૦૧.૨૦૨૦ | ડોમ્બીવલી | વિક્રમ મનોજ દેવશી ધ્રોળ | ગોધરો | ૨૭ |
| | ડોમ્બીવલી | નિકિતા નીતિન કેશવજી ધરમશી | સાંધાણ | ૨૫ |
| ૩૦.૦૧.૨૦૨૦ | ખંડવા | મેહુલ કીર્તિ નવીનચંદ્ર નાગડા | નલિયા | ૩૫ |
| | મસ્જિદ બંદર | જેસલ કિરણ જીવરાજ મોમાયા | તેરા | ૩૫ |
| | | **આંતરજ્ઞાતિ સગપણ** | | |
| ૧૯.૦૧.૨૦૨૦ | વરલી | રોનક રવીન્દ્ર ભુરુમલ જૈન | મુંબઈ | ૨૮ |
| | ઈન્દોર | પ્રિયંકા ચંદ્રેશ મહેન્દ્ર ધરમશી | કોઠારા | ૨૯ |
| ૨૬.૦૧.૨૦૨૦ | ભાંડુપ | જશ ધીરેન હીરાચંદ મૈશેરી | સાંધાણ | ૨૪ |
| | ભાંડુપ | પ્રાચી જયેશ નાનજી ગાલા | પત્રી | ૨૩ |
| ૨૬.૦૧.૨૦૨૦ | ડોમ્બીવલી | જીગર હસમુખ કેશવજી માલદે | દલતુંગી | ૨૭ |
| | કાંજુરમાર્ગ | પ્રીતિ રામનારાયણ સધાઈ ચૌહાણ | વારાણસી | ૨૬ |
| ૨૯.૦૧.૨૦૨૦ | વડોદરા | ચિરાગ શૈલેષભાઈ મહેન્દ્રભાઈ ચંદન | નાગવીરી | ૨૮ |
| | વડોદરા | ઈશિતા વનરાજ કાંતિલાલ શિયાલ | દલતુંગી | ૨૫ |
| ૩૦.૦૧.૨૦૨૦ | પુણે | શ્રેણિક જ્ઞાનેશ ચીમનલાલ ડાઘા | વરાડિયા | ૨૬ |
| | પુણે | તનુશ્રી સુભાસીસ અનીલ રોય | કોલકત્તા | ૨૩ |
| | | **આંતરજ્ઞાતિ લગ્ન** | | |
| ૧૮.૦૧.૨૦૨૦ | ડોમ્બીવલી | અભિષેક વામન કાશીનાથ અડશુળ | પુણે | ૨૮ |
| | ડોમ્બીવલી | હેતલ નીલેશ મણીલાલ ધરમશી | ગોરખડી | ૨૪ |


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા
જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org
અથવા વોટ્સએપ પર મોકલો
9322257731

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development
40 Years Experience in Mehendi
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western
• Portrait
Etc.
Special Discount KDO

BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

*Diamond manufactrers,*
*exporter's & importer's*
*Exclusive designer jewellery*
*Dealing with EF VVS quality*
*Own manufacturing unit in mumbai & chennai*

LIFE MEMBER




6, 5th Floor, Crown Court Building, 128, Cathedral Road,
Chennai - 600 086. Tel.: +91 44 4314 1444 / 1555
www.shubhdiamonds.com

**–: શુભેચ્છા સહ :–**

**માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર**

**(ગામ–સાયરા)**

Plan the present, secure the future.

## Get a Family Insurance!



# insurancekhoj.com™

**the ultimate stop for insurance ™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO **Gyatimaiya** Weekly E-magazine KDO